# મોડાસામાં ઉજાલા યોજના અંતર્ગત એલઈડી બલ્બ યોજનાનો ફીયાસ્કો

## સસ્તા બલ્બ મેળવવા જતા લોકોને ધરમધક્કા : મોડાસા વીજતંત્રમાં બલ્બનો સ્ટોક ન હોવાનુ રટણ

મોડાસા, તા. ૧૫

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉર્જામંત્રી દ્વારા વીજળીનો વ્યય થતો અટકાવવા બલ્બ તેમજ ટ્યુબલાઈટ અને સીએફએલની જગ્યાએ એલીડી બલ્બ વાપરવા આગ્રહ કરી જોરશોરથી મોટાપાયે પ્રચાર-પ્રસાર કરી ઉજાલા યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો અને આ એલઈડી બલ્બ મેળવવા સરકાર દ્વારા નક્કી કરાયેલી કચેરીનો સંપર્ક કરવા જણાવાઈ રહ્યું છે. ત્યારે અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં આવેલી યુજીવીસીએલ કચેરીમાં એલઈડી બલ્બનો સ્ટોક જ ન હોવાથી પ્રજાજનોને ધરમના ધક્કા ખાવાનો વારો આવ્યો છે. કેન્દ્ર સરકારની સસ્તી લોકપ્રિયતા મેળવવા મોટાપાયે કરાયેલી જાહેરાત પછી સ્ટોકના અભાવે પ્રજાજનોને રખડવાનો વારો આવતા સરકારની આ ઉજાલા યોજના અને સરકાર સામે ઉગ્ર શબ્દોમાં રોષ ઠાલવી રહ્યા છે.

કેન્દ્ર સરકાર દ્વારા વીજળી બચાવવા અને વીજળીનો થતો વ્યય અટકાવવા ઉજાલા યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જોરશોરથી કરાયેલી જાહેરાતોના પગલે અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં આવેલી યુજીવીસીએલ કચેરીમાં નગરજનો અને આજુબાજુના ગ્રામજનો રાહતદરે એલઈડી બલ્બ મેળવવા સરકારના ધારાધોરણ મુજબ જરૂરી દસ્તાવેજો પુરાવા સાથે આંટાફેરા મારી રહ્યા છે. ત્યારે કેન્દ્ર સરકારની આ ઉજાલા યોજનાનો ફીયાસ્કો થયો હોય તેમ વીજતંત્ર કચેરીમાં બલ્બનો સ્ટોક ન હોવાનું જણાવતા અને વાયદાઓ કરાતા મોટી સંખ્યામાં ઉમટી પડેલા ગ્રાહકોમાં નિરાશા સાથે કેન્દ્ર સરકારની આ યોજના સામે રોષ ભભુકી ઉઠ્યો છે. મોડાસા વિજતંત્ર તેમજ જિલ્લાની અન્ય મોટાભાગની કચેરીઓમાં એલઈડી બલ્બનો સ્ટોક ન હોવાથી પ્રજાજનોને છેતરવામાં આવતા હોય તેમજ કચેરીના અધિકારીઓ દ્વારા સ્ટોક ન હોવાનું રટણ ગાતા રહેતા ઉજાલાની આ યોજના કરનાર સરકારને ભાંડી રહ્યા છે. ત્યારે આ મામલે મોડાસા યુજીવીસીએલ તંત્રના જવાબદાર અધિકારી દ્વારા કાંઈપણ કહેવાનો ઈન્કાર કરાઈ રહ્યો છે. વીજ કચેરીમાં ઉજાલા યોજના અંતર્ગત મળનાર બલ્બ સ્ટોક ન હોવાના પગલે અને ક્યારે આવશે તેની જાણકારી અધિકારીઓને ખુદ પણ ન હોઈ આ યોજના અંગે કોઈ પણ કહેવાના બદલે ચૂપકીદી સેવી લીધી છે.






ઉજાલા યોજનાનો લાભ લેવા પહોંચેલા ગ્રાહક મનોજભાઈ પટેલના જણાવ્યા અનુસાર મોડાસા યુજીવીસીએલમાં ત્રણ દિવસથી આ યોજનાનો લાભ લેવા એલઈડી બલ્બ મેળવવા છેલ્લા ત્રણ દિવસથી ધરમધક્કા ખાઈ રહ્યો છુ છતાંય વીજતંત્રના અધિકારીઓ કે કર્મચારીઓ દ્વારા યોગ્ય જવાબ ન મળતાં આ યોજનાનો બહિષ્કાર કરવાની સાથે સાથે કેન્દ્ર સરકાર દ્વારા જો યોગ્ય રીતે માળખાગત સુવિધાઓ ઉભી કર્યા વગર આવી ખોટી રીતે મોટા પાયે પ્રસિદ્ધિ મેળવવા જોરશોરથી જાહેરાત ન કરવી જોઈએ જિલ્લાના પ્રજાજનો આવી જાહેરાતોથી પ્રેરાઈને સંલગ્ન કચેરીમાં પહોંચ્યા પછી છેતરાયાનો અહેસાસ અનુભવી રહ્યા છે.

## ઉનાવા ગામના બજારમાં બે મુસ્લિમ યુવકો વચ્ચે ઝઘડો થતા સમગ્ર વિસ્તારમાં તંગદીલીનો માહોલ સર્જાયો

ઊંઝા, તા. ૧૫

ઊંઝા નજીકના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ ઉનાવા ગામે મીરાંદાતારની દરગાહ વિસ્તારમાં સ્થાનિક મુસ્લિમોના બે જૂથો વચ્ચે છેલ્લા કેટલાક વખતથી હિંસક અથડામણોના બનાવો બની રહ્યા હોઈ સમગ્ર વિસ્તારમાં ભય સાથે અજંપાભરી સ્થિતિ પ્રવર્તી રહી છે. દરમિયાન આજે સવારના સમયે ઊંઝા તાલુકાના પળી ગામના આસીકમીયાં હેતુમીયાં સૈયદ પાણીની મોટર લેવા માટે ઉનાવા આવ્યા હતા તેઓ બજાર તરફ જઈ રહ્યા હતા ત્યારે મીરા પેલેસ સામે ઉનાવાના સલીમમીયાં અન્ના નાદીરમીયાંએ અહીં કેમ આવ્યો છે ? તેમ કહી અપશબ્દો બોલી ગાલ પર લાફા જીંકી દીધા હતા. જેથી અચાનક આ વિસ્તારમાં તંગદિલી સર્જાતા નાસભાગ મચી ગઈ હતી અને દરગાહ વિસ્તારની દૂકાનો ટપોટપ બંધ થઈ ગઈ હતી. આ ઘટનાને પગલે મેઈન બજારમાં પણ કેટલાક વેપારીઓએ ભયથી દુકાનો બંધ કરી દેતા સન્નાટો છવાઈ ગયો હતો. આમ ઉનાવામાં પોલીસની કથિત નિષ્ક્રિયતાને કારણે તેમજ પુરતા બંદોબસ્તના અભાવે અવારનવાર છમકલા થતાં વાતાવરણ ડહોળાયેલું રહેતા ભારેલા અગ્નિ જેવી સ્થિતિના કારણે લોકો ભયના ઓથાર હેઠળ જીવન જીવી રહ્યા છે. ત્યારે સંવેદનશીલ ઉનાવામાં પેદા થયેલ ગંભીર સ્થિતિને ધ્યાનમાં લઈને ઉચ્ચ પોલીસ સત્તાધિશોએ સવેળા યોગ્ય પગલા ભરવા જરૂરી બન્યું છે. ઉપરોક્ત બનાવ સંદર્ભે ઉનાવા પોલીસમથકે એન.સી. ફરિયાદ નોંધાયેલ છે.

દરમિયાન ઉનાવાની મુસ્લિમ સૈયદ સમાજની કેટલીક મહિલાઓએ આજે મહેસાણા જઈ જિલ્લા કલેક્ટર તેમજ ડી.એસ.પી.ને એક આવેદનપત્ર સુપરત કર્યું હતું. જેમાં સૌયદો પર થતા હૂમલા, તોડફોડના ઉલ્લેખ સાથે પોલીસની કાર્યપદ્ધતિ સામે પણ આક્ષેપો કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે યાત્રાસ્થળ ઉનાવામાં સ્થાનિક પોલીસતંત્રની નિષ્ક્રિયતા, અપૂરતા સ્ટાફને કારણે છેલ્લા કેટલાક સમયથી ગુનાખોરી અને સમાજ વિરોધી બદીઓ વધી જતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ છે.



મોડાસા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ દ્વારા અરવલ્લી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા સંઘના ચેમરેન અરૂણ પટેલ, સાબરકાંઠા જિલ્લા સહકારી બેન્કના ડીરેક્ટર પંકજભાઈ પટેલ, વાઈસ ચેરમેન ભગાભાઈ પટેલ, ડીરેક્ટર ભુલાભાઈ પટેલ, ભીખાભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ અને ઉપસ્થિત ડિરેક્ટરો ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજ એપ્રોચ રોડ પરની સોસાયટીઓમાં ગટરલાઈનો ઉભરાતા રહિશો ત્રાહીમામ

### છેલ્લા એક મહિનાથી ગટરને લઈને પાલિકામાં રજુઆત કરવા છતાં હોતા હે ચલતા હે ની સ્થિતિ : પાલિકાના પાપે રોગચાળો વકરે તો નવાઈ નહી

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના હાર્દ સમાન એપ્રોચરોડ ઉપર આવેલ સોસાયટીઓમાં છેલ્લા એક મહિનાથી પણ વધારે સમયથી ગટરલાઈનો ઉભરાતાં રહીશો દ્વારા પાલિકામાં રજુઆત કરવા છતાં તંત્રના કાને હાલ તો તાળાં મારેલ છે અને અવારનવાર રજુઆતો કરવા છતાં કોઈજ કાર્યવાહી હાથ ધરવામાં ન આવતા આ વિસ્તારમાં ગટરના ગંદા પાણીના કારણે રોગચાળો માથું ઉંચુ કરે તો નવાઈ નહી.

પ્રાંતિજમાં નગરપાલિકાના પાપે છેલ્લા કેટલાક દિવસોથી ગટરો ઉભરાવાના બનાવો ઉભા થયા છે અને ગટરોના પાણીને લઈને રોગચાળો માથુ ઉંચુ કરે તો નવાઈ નહી ત્યારે એપ્રોચરોડ ઉપર આવેલ હરિઓમ પાર્ક સોસાયટીમાં છેલ્લા એક મહિનાથી ગટરનું ગંદુ પાણી કુંડીઓ બ્લોક થઈ જતાં ગટરનું ગંદુ પાણી પાછું નિકાલ માટેની પાઈપલાઈનમાં થઈને રહિશોની ચોકડીઓમાં આવે છે અને ચોકડીઓની બાજુમાં પાણીનાં હોજ છે જયારે રહિશો દ્વારા હોજનું પાણી નિયમિત રોજીદા વપરાશ માટે ઉપયોગ માં લેવામાં આવે છે જેને લઈને હોજનું પાણી અને ગટરનું પાણી એક થતાં પાણીજન્ય રોગચાળો માથું ઉચકેતો નવાઈ નહી.



જયારે સ્વામિનારાયણ સોસાયટીમાં પણ ગટર બોલ્ક થતાં ગટરનું ગંદુ પાણી આગળ ના જતાં રહિશોને રોગચાળાનો ભય સતાવે છે જયારે એપ્રોચરોડ ઉપર આવેલ ડૉ. રમણભાઈના દવાખાનાની પાછળ પણ ગટર લાઈન ઉભરાતા ગંદુ પાણી એકઠું થયું છે અને આજુબાજુના રહિશોને રાત્રીના સમયે પવન આવતા દુરગંદ મારતા નાકના ટેળવા પણ ચડી જાય છે ત્યારે પાસે આવેલ રહેણાક વિસ્તારમાં રહેતા વિનુભાઈ મોદીનું કહેવું છે કે જો આ કામ સત્વરે નહી થાય તો અમારે બધાને અંહિ રહેવું મુશ્કેલ પડે તેમ છે અને રોગચાળો કોઈપણ સમયે માથું ઉચકે તો નવાઈ નહી જયારે આ વિસ્તારના રહિશો દ્વારા છેલ્લા એક મહિના ઉપરથી રજુઆતો કરવા છતાં તંત્રનું પેટનું પાણીએ હલતું નથી અને ગંદા પાણીમાં મોટામસ મચ્છરોનો ઉપદ્રવ જોવા મળે છે ચોમાસું બેસે તે તો કદાચ રોગચાળો વકરશે તો કાબુ કરવું મુશ્કેલ બનશે જેથી ચોમાસા પહેલાં સત્વરે કામ હાથ ધરવામાં આવે તેવું સોસાયટીના રહિશો જણાવી રહ્યા છે.

## મોડાસાની તત્વ ઈજનેર કોલેજમાં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા માટે મફત સેવા ઉપલબ્ધ

મોડાસા, તા. ૧૫

મોડાસાની તત્વ ઈજનેરી કોલેજ, ખાતે ઈજનેરી પ્રવેશ પ્રક્રિયાને લગતી તમામ માહિતી તેમજ માર્ગદર્શન આપવામાં આવશે. સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં પ્રવેશ પ્રક્રિયાની કાર્યવાહી જેવી કે રજીસ્ટ્રેશન તેમજ ચોઈસ ફિલીંગ વિના મૂલ્યે કરી આપવામાં આવે છે. તો વિદ્યાર્થીઓએ દેના બેંકમાંથી પીન નંબર અને માહિતી પુસ્તિકા મેળવી તત્વ કોલેજ ખાતે આવી સેવાનો લાભ મેળવવા તેમજ એડમીશન અંગેના માર્ગદર્શન માટે સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર જયદત્તસિંહ આર. પુવારે અપીલ કરી છે.



## ભાભરની આંગણવાડી અને પ્રા. શાળાઓમાં પ્રવેશોત્સવ યોજાયો

શહેરી વિસ્તારોમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૧૬ પ્રસંગે બનાસકાંઠા જિલ્લાના ભાભર મુકામે આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા વાહન વ્યવહાર રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે આંગણવાડી, પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળામાં બાળકોને પ્રવેશ અપાવી ઉજજવળ અને સુખમય ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે શાળા પ્રવેશોત્સવ પ્રસંગે દરેક ગામમાં ઉત્સાહ અને હર્ષનો માહોલ સર્જાય છે. વાલીઓ પોતાનાં નાનાં બાળકોને હરખથી શાળામાં પ્રવેશ અપાવવા આવે છે. આવા આનંદભર્યા માહોલમાં મંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે બાળકોને કુમકુમ તિલક કરી, મોં મીઠુ કરાવીને શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

## મહેસાણા જિલ્લામાં શહેરીકક્ષાના શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ

મહેસાણા, તા. ૧૫

મહેસાણા જિલ્લામાં શહેરી કક્ષાના શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલે કરાવ્યો હતો. મહેસાણા જિલ્લાની મગપરા પ્રાથમિક શાળા તેમજ સ્વામી વિવેકાનંદ એક્સપ્રીમેન્ટ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓનું નામાંકન કરાવ્યું હતું.

આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજયના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલ શિક્ષણના આ સેવાયજ્ઞથી રાજયના વિકાસમાં આમૂલ્યમુલ પરિવર્તન આવ્યુ છે. રાજયના મહિલા મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે કન્યા કેલવણી, કુપોષણ નાબુદી અભિયાન, સંપુર્ણ શૌચાલય જેવા સામાજિક અભિયાનોને વિશેષ મહત્વ આપ્યું છે.

આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે શાળાઓમાં સો ટકા નામાંકન થાય તેમજ પ્રત્યેક બાળક ભાષાકીય જ્ઞાન, કાવ્યપઠન, સાંસ્કૃતિ પ્રવૃત્તિઓ જેવી તમામ ઈતર પ્રવૃત્તિઓમાં ભાગ લે તે માટે શાળાઓએ ખાસ યત્ન કરવાની જરૂર છે. પ્રાથમિક અને પ્રારંભિક શિક્ષણ એ જીવનનો પાયો છે. ઉજજવળ આવતીકાલ અને સુદ્રઢ રાષ્ટ્ર નિર્માણ માટે પ્રત્યેક નાગરિકની નૈતિક ફરજ રાજયના બાળકોને શિક્ષણ મળી રહે તે જોવાની છે.



રાજયના આરોગ્યમંત્રી નિતીનભાઈ પટેલ દ્વારા સરસ્વતી સાધના સહાય યોજના હેઠળ વિદ્યાર્થીનીઓને સાયકલ આપવામાં આવી હતી. શહેરીકક્ષાના શાળા પ્રવેશોત્સવમાં મહેસાણા શહેરમાં ૨૦૭ બાળકો તેમજ આંગણવાડીના ૫૯ ભુલકાંઓનું નામાંકન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ધો. ૭માં ૧૧૨૪ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. શહેરમાં ૨૦ વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા હતા. શહેરમાં રોકડ અને વસ્તુ સ્વરૂપે ૪,૩૦,૨૦૦ રૂપિયાનું દામ શિક્ષણના સેવાયજ્ઞમાં મળે છે.

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ મેળવનાર બાળકોનું સન્માન કરવામાં આવ્યું હતું. શિક્ષણના મહાયજ્ઞમાં દાન આપનાર દાતાશ્રીઓનું સન્માન આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. શિક્ષણના મહાયજ્ઞમાં દાન આપનાર દાતાશ્રીઓનું સન્માન આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વિષય પર વક્તવ્ય તેમજ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર આલોકકુમાર સહિત જિલ્લાના અધિકારીઓ પદાધિકારીઓ, શહેરીજનો, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદથી હિંમતનગર, ખેડબ્રહ્મા અને ઉદેપુર જતી ટ્રેનોમાં બોગીની સંખ્યામાં ઘટાડો કરાતા મુસાફરો ભારે પરેશાન

તલોદ, તા. ૧૫

અમદાવાદથી હિંમતનગર, ખેડબ્રહ્મા અને ઉદેપુર તરફ જતી આવતી તમામ ટ્રેનોના ડબા (બોગી)ની સંખ્યામાં રેલવેતંત્ર દ્વારા ઘટાડો કરવામાં આવતા મુસાફર જનતા ભારે હાલાકીનો ભોગ બની છે. ૫-૭ ડબાને સ્થાને માત્ર ૩-૪ ડબા જ આવતા મુસાફરો ભારે ભીડ-ભાડનો અનુભવ પોતાના જાનમાલના જોખમે કરી રહ્યા છે. જેઓની હાલત કેટલાક દિવસોથી અત્યંત દયનીય ભાસી રહીછે. ટ્રેનોના ડબા રિપેરીંગમાં ગયા હોવાથી, આમ ડબાની સંખ્યા ઘટાડવાની હાલ ફરજ પડી હોવાનું જાણવા મળેલ છે.

પશ્ચિમ રેલવેએ સંખ્યાબંધ ટ્રેના ડબાની સંખ્યામાં કેટલાક દિવસોથી કાપ મુકેલ છે. જેમાં એ.પી. રેલવેની ટ્રેનોનો પણ સમાવેશ થાય છે. અમદાવાદથી દહેગામ, તલોદ, પ્રાંતિજ અને હિંમતનગર, ખેડબ્રહ્મા તથા ઉદેપુર જતી-આવતી ટ્રેનોની સુવિધા મુસાફર જનતા માટે આશિષરૂપ છે. ત્યારે વર્તમાન સમયગાળામાં જ કોઈ વૈકલ્પિક વ્યવસ્થા વિના આમ ટ્રેનોના ડબાની સંખ્યામાંઘટાડોકરવામાંઆવતા અડધી ટ્રેન માત્ર આવતી જતી હોય છે. સાબરકાંઠાના તલોદ તાલુકાના એસટીની કોઈજ યોગ્ય સુવિધા ઉપલબ્ધ નહી હોઈ અબાલવૃદ્ધ મુસાફરો તથા મહિલા મુસાફરોનુંહાલ હકડેઠઠ ભીડમાં નકર્યુ જોખમી મુસાફરી કરવા મજબુર બનવાની નોબત આવી પડી છે. કેટલાક મુસાફરો ડબાની ઉપર બેસીને પણ આકરી સફર કાપી રહ્યા છે.